**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૭/૧/૨૦૧૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી ૧૮ લીટર દેશી દારૂ, ૧૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૧૦૩ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૩,૦૦૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૫૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૫૩/૧૫**

**નરોડા :** હરિકૃષ્ણભાઇ છગનભાઇ રતનપરા (રહે.આરતી સોસાયટી, શાલીન સ્કુલની બાજુમાં, પાયલનગર નરોડા) એ તા.૬/૧/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી કોઇ અજાણી વ્યક્તિ પોતાના પુત્ર તિલક (ઉ.વ.૧૬)નું અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.પી.પીરોજીયા ચલાવે છે.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૫૪/૧૫**

**શહેરકોટડા :** ગૌતમભાઇ ધુળાભાઇ પટેલ (રહે.મ્યુ.પુવર્સ ક્વાટર્સ, વિજયમીલ પાસે, નરોડા રોડ) એ તા.૬/૧/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૨/૧૪ સવારના ૬/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના તેમજ સાહેદ ગુરૂદયાલસિંગ પ્રેમસિંગ બ્રાર નાઓનાં મકાનનાં દરવાજાના તાળા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ મળી કુલ રૂપિયા ૭૬,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ભટ્ટ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫/૧૫</u>**

**વટવા :** નરેશભાઇ કાળીદાસ ડાંગવ (રહે.મોહન નથુની ચાલી, ચેપી રોગ દવાખાનાની સામે, દાણીલીમડા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧/૧૫ સવારનાં ૯/૩૦ વાગ્યાના સુમારે વટવા ચાર માળીયા, બ્લોક નં.૫૬ સામે રોડ ઉપર પોતાની ભાભી બાલુબહેન (ઉ.વ.૪૦) નાઓને અજાણ્યા કાર ચાલકે પોતાની કાર પુરઝડપે અને અને બેદરકારીથી ચલાવી, ટક્કર મારતાં બાલુબહેનને પગે અને પેટનાં ભાગે ગંભીર ઇજાઓ પહોંચાડતાં સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન સાંજનાં ૬/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**<u>પાણીમાં ડુબી જઇ મરણ ગયેલની લાશ મળી આવી :</u>** **<u>સમાચાર યાદી નં.૫૬/૧૫</u>**

**એલીસબ્રીજ :** તા.૬/૧/૧૫ બપોરના ૧૨/૦૫ વાગ્યા પહેલાંના સુમારે એલીસબ્રીજ અને સરદારબ્રીજ વચ્ચે, સાબરમતી નદીમાં પાણીમાં ડુબી જઇ મરણ ગયેલ અજાણ્યા પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષ આશરાના)ની લાશ એલીસબ્રીજ પોલીસને મળી આવી છે. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમુજી હેમતાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.